ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:-01 તા.11-09-2021

## શ્રી વિજયભાઇ રૂપાણીજીએ વિકાસના કામો કરી ગુજરાતની જનતાનો વિશ્વાસ સંપાદીત કર્યો છે. :– શ્રી યમલભાઇ વ્યાસ

## ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો દળની બેઠકમાં આગામી મુખ્યમંત્રીના ચહેરા અંગે પસંદગી કરવામાં આવશે- શ્રી યમલભાઇ વ્યાસ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજરોજ તારીખ 11 સપ્ટેમ્બર 2021ના રોજ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ મુખ્યમંત્રી પદ તરીકે રાજીનામું રાજયપાલશ્રીને આપ્યું છે. આ સંદર્ભે ગાંધીનગર પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ” ખાતે ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશના મુખ્ય પ્રવકતાશ્રી યમલભાઇ વ્યાસ અને ગુજરાત પ્રદેશના મીડિયા કન્વીનરશ્રી યજ્ઞેશભાઇ દવેએ પત્રકાર પરિષદ સંબોધી હતી અને આ મામલે મીડિયાને માહીતી આપી હતી કે ભારતીય જનતા પાર્ટીના તમામ ધારાસભ્યોની એક બેઠક ટુંક સમયમાં અથવા આવતીકાલે યોજાઇ શકે છે. કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ આ મામલે નીર્ણય કરશે અને આ બેઠકમાં કેન્દ્રમાંથી નીરીક્ષકો પણ ઉપસ્થિત રહેશે અને પછી નક્કી થશે કે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો દળની બેઠક કયારે યોજાશે. ધારાસભ્યો દળની બેઠકમાં ગુજરાત રાજયના આગામી મુખ્યમંત્રી અંગે પંસદગી કરવામાં આવશે.

ગુજરાત પ્રદેશના મુખ્ય પ્રવકતાશ્રી યમલભાઇએ જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીમાં વિકાસ એ સતત ચાલતી પ્રકિયા છે. છેલ્લા પાંચ વર્ષમાં શ્રી વિજયભાઇ રૂપાણીજીએ વિકાસના કામો કર્યા છે. ગુજરાત રાજયને વિકાસના નવા શિખરો પર લઇ ગયા છે. શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતની દરેક જનતાનો પ્રેમ સંપાદીત કર્યો છે. અને ભારતીય જનતા પાર્ટી શ્રી વિજયભાઇ રૂપાણીને નવી જવાબદારી સોંપી શકે છે ભારતીય જનતા પાર્ટીમાં આ એક સામાન્ય પ્રક્રિયા છે. ગુજરાતને આવનાર સમયમાં વધુ  વિકાસ અને વાઇબ્રન્ટ બનાવી શકે તેવા મુખ્યમંત્રી મળશે. અંતમાં શ્રી યમલજીએ જણાવ્યું કે ગુજરાત રાજયને ટુંક સમયમાં નવા મુખ્યમંત્રી મળશે.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)